# એકમ-11

# વ્યાપારચક્રો - II
## (હોટ્રે અને હાયેકના વ્યાપારચક્રના સિદ્ધાંતો)

**-: રૂપરેખા :-**


11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 હોટ્રેનો વ્યાપારચક્રનો સિદ્ધાંત

11.3 હોટ્રેના વિશિષ્ટ ખ્યાલો

- 11.3.1 ગ્રાહકોની આવક
- 11.3.2 ગ્રાહકોનું ખર્ચ
- 11.3.3 રોકડ અનામતો
- 11.3.4 બાહ્ય ચૂકવણીઓ
- 11.3.5 નાણાંનો ચલણવેગ

11.4 હોટ્રેના વ્યાપારચક્રના તબક્કાઓ

- 11.4.1 વિસ્તરણ અથવા તેજી
- 11.4.2 વિસ્તરણમાં ઘટાડો અથવા તેજીનો અંત
- 11.4.3 મંદી અથવા સંકુચનની સ્થિતિ
- 11.4.4 સુધારણા અથવા પુનરુત્થાનની સ્થિતિ

11.5 હોટ્રેના સિદ્ધાંતની વિશેષતા

11.6 સિદ્ધાંતની મર્યાદાઓ

11.7 હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત

11.8 હાયેકના સિદ્ધાંતની ધારણાઓ

11.9 ઉત્પાદનના માળખા અંગેનો ખ્યાલ

11.10 હાયેકના વ્યાપારચક્રની સમજૂતી

- 11.10.1 સ્વૈચ્છિક/મરજિયાત બચતો
- 11.10.2 અનૈચ્છિક/ફરજીયાત બચતો

11.11 સિદ્ધાંતની મર્યાદાઓ

11.12 સારાંશ

11.13 ચાવીરૂપ શબ્દો

11.14 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 11.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો સરળતાથી સમજી શકશો.

- વ્યાપારચક્રના સિદ્ધાંતોનું વર્ગીકરણ
- વ્યાપારચક્ર અંગે હોટ્રેનો સિદ્ધાંત
- હોટ્રેના કેટલાક વિશિષ્ટ શબ્દ પ્રયોગો
- હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત
- વ્યાપારચક્રના સિદ્ધાંતની મર્યાદાઓ

## 11.1 પ્રસ્તાવના

કેટલાક અર્થશાસ્ત્રીઓ વ્યાપારચક્રના ઉદ્‌ભવ માટે આંતરિક પરિબળોને જવાબદાર માને છે તો કેટલાક બાહ્ય પરિબળોને જવાબદાર માને છે. વળી, કેટલાક અર્થશાસ્ત્રીઓ વ્યાપારચક્ર સિદ્ધાંતોને નાણાંકીય અને બિન-નાણાંકીય એમ બે વિભાગમાં વિભાજીત કરે છે. વ્યાપારચક્રના નાણાંકીય સિદ્ધાંત મુજબ વ્યાપારચક્રના ઉદ્‌ભવ માટે નાણાકીય કારણોને જ જવાબદાર ગણવામાં આવે છે. આ પ્રકારની વિચારધારામાં માનતા અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાંકીય પરિબળો જ અર્થવ્યવસ્થાના અનેક આંતરિક પરિબળો પર એ પ્રકારે અસર કરે છે કે વિસ્તરણ તથા સંકોચનની પ્રક્રિયા સંચયી સ્વરૂપ ધારણ કરી લે છે. આર્થિક સાહિત્યમાં આ પ્રકારની વિચારધારાના સંદર્ભમાં મુખ્ય રીતે શુદ્ધ નાણાંકીય સિદ્ધાંત અને નાણાંકીય અતિ-રોકાણ સિદ્ધાંત એમ બે સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

## 11.2 હોટ્રેનો વ્યાપારચક્રનો સિદ્ધાંત (શુદ્ધ નાણાંકીય સિદ્ધાંત):

વ્યાપારચક્રના શુદ્ધ નાણાંકીય સિદ્ધાંતની રજૂઆત બ્રિટીશ અર્થશાસ્ત્રી આર.જી.હોટ્રેએ ઈ.સ. 1126માં પ્રકાશિત થયેલ તેમના પુસ્તક 'The Trade Cycle' માં કરી હતી. તેમના મતે "વ્યાપારચક્રએ શુદ્ધ નાણાંકીય ઘટના છે. કારણ કે સામાન્ય માંગ એ સ્વયં એક ઘટના છે." તેમનું માનવું છે કે યુદ્ધ, ભૂકંપ, પૂર વગેરે બિન-નાણાંકીય પરિબળો પણ થોડાક સમય માટે અર્થવ્યવસ્થાના કેટલાક ભાગમાં મંદી કે તેજીની ઘટમાળા ઊભી કરી શકે છે. પરંતુ લાંબાગાળા માટે તો નાણાંના પુરવઠામાં થતો ઘટાડો કે વધારો જ અર્થવ્યવસ્થામાં આર્થિક ક્રિયાઓમાં થતા પરિવર્તન માટે એક માત્ર કારણ માનવામાં આવે છે. આમ, બેંક નાણાંના પુરવઠામાં થતા ફેરફારોએ વ્યાપારચક્રના ઉદ્‌ભવ માટે જવાબદાર પરિબળ માનવામાં આવે છે.

હોટ્રે વ્યાપારચક્રની સમજૂતીમાં નાણાંને મહત્ત્વનું ગણે છે. તેમાંય ખાસ કરીને બેંકનાણું અગત્યનો ભાગ ભજવે છે. તેમના મતે વ્યાપારચક્રનો સમયગાળો 7 થી 11 વર્ષનો હોય છે. તેમનું માનવું છે કે નાણાંના પુરવઠાનો આધાર બેંકોની શાખ સર્જનની પ્રક્રિયા પર રહેલો છે. આથી હોટ્રે બેંકોની શાખ ર્જનની પ્રક્રિયાને જ વ્યાપારચક્ર માટે જવાબદાર પરિબળ માને છે. તેમના મતે અર્થકારણમાં બેંકોના શાખસર્જનથી તેજી આવે છે અને બેંકોની શાખ સંકોચનની નીતિને કારણે મંદીનું સર્જન થાય છે.

## 11.3 હોટ્રેના વિશિષ્ટ ખ્યાલો (શબ્દ પ્રયોગો) :

હોટ્રેએ વ્યાપારચક્રના સિદ્ધાંતમાં કેટલાંક વિશિષ્ટ શબ્દોનો ઉપયોગ કર્યો છે જે તેમના વિશિષ્ટ ખ્યાલો તરીકે પણ ઓળખાય છે. તો ચાલો, હવે આપણે તેના વિશેને સમજણ મેળવીએ.

11.3.1 ગ્રાહકોની આવક :

હોટ્રેની માન્યતા અનુસાર ગ્રાહકોની આવક એટલે જે લોકો નાણાંકીય આવક મેળવે છે તે જેમકે, જે લોકો પાસે જમીન છે તે ભાડું મેળવે છે, શ્રમિકો વેતન, મૂડીદારો વ્યાજ અને નિયોજકો નફો મેળવે છે. આમ, ગ્રાહકોની આવકનો ખ્યાલ રાષ્ટ્રીય આવક જેવો છે. અર્થાત્ ઉત્પાદનના સાધનોને મળતું વળતર. તેમના મતે આ આવકમાંથી બક્ષીસ, ભેટ, જુગાર, લોટરી વગેરેની રકમ બાદ કરવી જોઈએ.

11.3.2 ગ્રાહકોનું ખર્ચ :

ગ્રાહકો આવકમાંથી જે ખર્ચ કરે છે તે ગ્રાહકોનું ખર્ચ કહેવાય છે. ભેટ, બક્ષીસ, જુગાર, લોટરી વગેરેના વેચાણથી આવક થાય અને તેમાંથી જે ખર્ચ થાય તો તેને હોટ્રે ગ્રાહકોનું ખર્ચ ગણતા નથી.

11.3.3 રોકડ અનામતો :

ગ્રાહકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ કે નિયોજકો બેંકમાં થાપણો જમા કરાવે છે તેને રોકડ અનામત તરીકે ઓળખવામાં આવે છે. આ બધી રોકડ અનામતોના સરવાળાને કુલ રોકડ અનામત તરીકે ઓળખવામાં આવે છે. જેનો આધાર શાખસર્જન અને સોનાની આયાત-નિકાસ પર રહેલો છે.

11.3.4 બાહ્ય ચૂકવણીઓ :

બક્ષીસ, ભેટ, વારસો કે બેંક એજન્સી સિવાય કોઈ પાસેથી જ્યારે ઉછીના નાણાં લેવામાં આવે છે કે કોઈ પણ મૂડી દ્વારા આવક ઊભી થાય તે વધારાની આવકને બાહ્ય ચૂકવણી તરીકે ઓળખવામાં આવે છે. હોટ્રેના મતે આ પ્રકારની ચૂકવણીઓથી રાષ્ટ્રીય આવકમાં કોઈ ફેર પડતો નથી. તેથી આ પ્રકારની રકમને ગ્રાહકોની આવક અને ગ્રાહકોના ખર્ચમાંથી બાદ કરવી જોઈએ.

11.3.5 નાણાંનો ચલણ વેગ :

હોટ્રેના મતે નાણાંનો ચલણ વેગ વ્યાપારચક્ર માટે અગત્યનું પરિબળ છે જેમાં ગ્રાહકોના ખર્ચ અને તેમની પાસેના નાણાં ભંડોળનો સમાવેશ કરવામાં આવે છે.

11.4 હોટ્રેના વ્યાપારચક્રના તબક્કાઓ :

હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં વ્યાપારચક્રના વિવિધ તબક્કાઓનું વર્ણન નીચે મુજબ કરવામાં આવ્યું છે.

11.4.1 વિસ્તરણ અથવા તેજી :

હોટ્રે માને છે કે બેંકોના વ્યાજના દરમાં ઘટાડો થવાથી શાખસર્જનની પ્રક્રિયા વેગ પકડે છે. પરિણામે અર્થતંત્રમાં તેજીની શરૂઆત થાય છે. બેંકો પાસે જ્યારે નાણાંની અનામતોના જથ્થામાં વધારો થાય છે ત્યારે વ્યાજના દરમાં ઘટાડો થાય છે. આ સંજોગોમાં જથ્થાબંધ વેપારીઓ સ્ટોકમાં વધારો કરવા નાણાંની માંગમાં વધારો કરે છે. તેઓ ઉત્પાદકોને વધુને વધુ ઓર્ડરો આપે છે. જેના પરિણામે ઉત્પાદકો ઉત્પાદનમાં વધારો કરવા ઉત્પાદનનાં સાધનોની વધુ માંગ કરે છે. તેથી ઉત્પાદનનાં સાધનોને રોજગારી મળે છે અને તેમની આવકમાં વધારો થાય છે. ગ્રાહકોની આવક વધતા તેમના ખર્ચમાં વધારો થાય છે. આવક વધતા માંગમાં વધારો થાય છે. આથી, જથ્થાબંધ વેપારીઓ સ્ટોક ઘટતાં ઉત્પાદકોને વધુને વધુ ઓર્ડરો આપે છે અને બેંકો પાસેથી વધુને વધુ લોન લે છે. આમ, અર્થતંત્રમાં નાણાંના પુરવઠામાં ઝડપથી વધારો થવા પામે છે. ઉત્પાદકો ઉત્પાદન અને ગ્રાહકો પોતાની માંગમાં

વધારો કરે છે. આમ, બેંકના નીચા વ્યાજદરની નીતિના કારણે શાખસર્જનનું પ્રમાણ વધતાં ઉત્પાદન-સ્ટોક-માંગનું ચક્ર અવિરતપણે ચાલ્યા કરે છે. જે ભાવવધારામાં પરિણમે છે. વસ્તુના ભાવમાં વધારો થતાં અર્થતંત્રમાં તેજીની સ્થિતિ વધુ ઝડપી બને છે અને ભવિષ્યમાં ભાવસપાટીમાં વધુ વધારો થશે એવી ધારણાના કારણે લોકો પોતાની ખરીદીમાં વધારો કરે છે. જેથી ભાવસપાટી વધુ વધે છે અને અર્થતંત્રમાં તેજીનો તબક્કો વધુ પ્રબળ બને છે.

### 11.4.2 વિસ્તરણમાં ઘટાડો અથવા તેજીનો અંત :

બેંકોની શાખસર્જનની પ્રક્રિયા અમર્યાદિતપણે ચાલુ રહી શકતી નથી. બેંકોની શાખસર્જનની પ્રક્રિયાની પણ કેટલીક મર્યાદાઓ હોય છે. આથી, બેંકોની શાખસર્જનની પ્રક્રિયા મંદ થાય ત્યારે તેજીનો અંત આવે છે. તેજીની પરિસ્થિતિમાં બેંકોના શાખસર્જનમાં વધારો થતો જાય છે. જેથી બેંકો પાસે રોકડ અનામતોના પ્રમાણમાં ઘટાડો થતો જાય છે. છેવટે એક સમય એવો આવે છે કે જ્યારે બેંકો પાસે ઉપલબ્ધ રોકડ અનામત પ્રમાણ તેના નિમ્ન સ્તર સુધી પહોંચી જાય છે. આવી સ્થિતિમાં બેંકો પોતાની સ્થિતિને સુદ્રઢ બનાવવા માટે શાખસંકોચનની નીતિ અપનાવે છે. અર્થતંત્રમાં તેજીની સ્થિતિમાં દેશની આયાતોમાં વધારો અને નિકાસોમાં ઘટાડો થવાથી દેશની લેણદેણની તુલા દેશ માટે પ્રતિકૂળ બનતી જાય છે. આથી, દેશની મધ્યસ્થ બેંક પણ બેંકોની શાખસર્જનની પ્રક્રિયાને નિયંત્રિત કરે છે. પરિણામ સ્વરૂપે બેંકોના શાખવિસ્તરણની પ્રક્રિયાને નિયંત્રિત કરવા માટે વ્યાજના દરોમાં વધારો કરવામાં આવે છે. જેથી વેપારીઓ નાણાંની માંગમાં ઘટાડો કરે છે. બેંકો દ્વારા અગાઉ વેપારીઓને આપવામાં આવેલ ધિરાણ પરત મેળવવા માટે તેમના ઉપર દબાણ કરવામાં આવે છે. આ દબાણ વેપારીઓને તેમની પાસે રહેલા જમા સ્ટોકને વેચવા માટે મજબૂર કરે છે. જેથી બજારમાં વસ્તુઓના ભાવ ઘટે છે. ભાવસપાટીમાં ઘટાડો થતાં ઉત્પાદકોના નફામાં ઘટાડો થાય છે. આથી, ઉત્પાદક ઉત્પાદન ઘટાડવા માટે મજબૂર બને છે. ઉત્પાદનમાં ઘટાડો થતાં રોજગારીમાં અને પરિણામે આવકમાં ઘટાડો થાય છે. આમ, ઉત્પાદન-રોજગારી-આવકમાં ઘટાડો થતા તેજીનો અંત આવે છે અને ઓટની પરિસ્થિતિ સર્જાય છે.

### 11.4.3 મંદી અથવા સંકુચનની સ્થિતિ :

હોટ્રે જણાવે છે કે મંદીની સ્થિતિમાં બેંકોના શાખસર્જનનું પ્રમાણ વધુ ઘટે છે અને વ્યાજના દરમાં ધીમે ધીમે વધારો થાય છે. તેથી વેપારીઓને લોન લેવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરિણામે વેપારીઓ દ્વારા સ્ટોકની માંગમાં ઘટાડો કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ બેંકોની શાખસંકોચનની નીતિના કારણે અર્થતંત્રના કુલ ખર્ચનું પ્રમાણ પણ ઘટી જાય છે. બજારમાં વસ્તુઓની માંગમાં ઘટાડો થવના કારણે ભાવસપાટી અને ઉત્પાદકોને આપવામાં આવતા ઓર્ડરો તેમજ તેમના નફામાં ઘટાડો થાય છે. પરિણામ સ્વરૂપે ઉત્પાદકો ઉત્પાદનમાં ઘટાડો કરે છે. જે રોજગારી અને આવકમાં ઘટાડો થાય છે. આવકમાં ઘટાડો થવાથી પુનઃ માંગ, ઉત્પાદન અને રોજગારીમાં ઘટાડો થાય છે. આમ, ગ્રાહકોની આવક અને ખર્ચમાં સતત ઘટાડો થાય છે. અર્થતંત્રમાં નાણાંના પુરવઠા અને નાણાંના ચલણવેગમાં ઘટાડો થાય છે. ઘણા જથ્થાબંધ વેપારીઓ બેંકોનું ધિરાણ પરત કરી શકતા નથી. પરિણામે ઘણી પેઢીઓ ફડચામાં જાય છે. બેંકોમાં નાણાં પરત ન આવતાં બેંકો નાણાંકીય કટોકટીનો સામનો કરે છે. આમ, ભાવસપાટીમાં થતો ઘટાડો મંદીને વધુને વધુ તીવ્ર બનાવે છે.

### 11.4.4 સુધારણા/પુનરુત્થાનની સ્થિતિ :

સુધારણાની સ્થિતિ બેંકોના વ્યાજરમાં ઘટાડો અને શાખસર્જનની શરૂઆતનો નિર્દેશ કરે છે. અગાઉ આપણે જોયું કે મંદીની સ્થિતિમાં વેપારીઓ સ્ટોકમાં વધારો કરતાં નથી અને બેંકોનું ધિરાણ પરત કરે છે. આથી, બેંકો પાસેના અનામતના પ્રમાણમાં વધારો થાય

છે. પરિણામે બેંકોના વ્યાજના દરમાં ઘટાડો થાય છે. બીજી બાજુ અર્થતંત્રમાં ભાવસપાટી નીચી હોવાથી દેશની નિકાસો સસ્તી થાય છે. તેથી દેશના સોનાના પુરવઠામાં વધારો થાય છે. મંદીના સંજોગોમાં ઉત્પાદન ખર્ચ નીચું આવતું હોવાથી ઉત્પાદકો તથા જથ્થાબંધ વેપારીઓ આશાસ્પદ બને છે. આથી તેઓ બેંકોના નીચા વ્યાજના દરનો લાભ લેવા પ્રેરાય છે અને ધિરાણની માંગમાં વધારો કરે છે. બેંકોની શાખ વિસ્તરણની નીતિના કારણે વેપારીઓ વધુ સ્ટોક રાખવા પ્રેરાય છે. આમ, સ્ટોકની માંગમાં વધારો થતા ઉત્પાદન, રોજગારી અને આવકમાં પણ વધારો થવા પામે છે. આ રીતે અર્થતંત્ર મંદીની પરિસ્થિતિમાંથી પુનઃસુધારણાના તબક્કામાં આગળ વધે છે.

આમ છતાં કેટલીકવાર અર્થતંત્રમાં મંદીની સ્થિતિ વધુ તીવ્ર હોય ત્યારે વ્યાજના દરમાં ઘટાડો થવા છતાં વેપારીઓ ધિરાણ લેવા તૈયાર થતા નથી. વેપારીઓ પાસે માલના સ્ટોકનો ભરાવો એટલો બધો થયેલો હોય છે કે તેઓ તેનું વેચાણ કરવા માટે સમર્થ હોતા નથી. આવા સંજોગોમાં વ્યાજનો દર નીચો હોવા છતાં અને શાખસર્જનની પ્રક્રિયા શરૂ થઈ હોવા છતાં નાણાંની માંગ વધતી નથી. લોકો સરકારી જામીનગીરીઓમાં નાણાંનું રોકાણ કરવાનું પસંદ કરે છે. તેથી જામીનગીરીઓની માંગમાં વધારો થાય છે. પરિણામે વ્યાજના દર વધુ નીચા જાય છે. આ પ્રકારની અર્થતંત્રની સ્થિતિને હોટ્રે 'શાખની મડાગાંઠ' (credit deadlock) તરીકે ઓળખાવે છે.

11.5 હોટ્રેના સિદ્ધાંતની વિશેષતા (મહત્ત્વ) :

હોટ્રેના નાણાંકીય સિદ્ધાંતની વિશેષતાઓ (મહત્ત્વ) ટૂંકમાં નીચે મુજબ રજૂ કરી શકાય :

- આ સિદ્ધાંતમાં બેંકદર અને અન્ય શાખનિયમન નીતિઓને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કારણ કે, વેપાર બેંકોએ પોતાની શાખનીતિ મધ્યસ્થ બેંકની નીતિઓને અનુરૂપ રાખવી પડે છે.
- લોકોને રોકડ રકમ કે જે આવક સ્વરૂપ મળે છે તેને તેઓ બેંકોમાં થાપણ તરીકે રાખે છે, જેનો ઉપયોગ બેંકો શાખસર્જનની પ્રક્રિયામાં કરે છે. આથી, બેંકોની શાખસર્જનની પ્રક્રિયા નિયમિતપણે ચાલ્યા કરે છે. જેના પરિણામે વ્યાપારચક્રને નિયમિત સ્વરૂપ મળે છે.
- જથ્થાબંધ તથા છૂટક વેપારીઓ બેંકો દ્વારા વ્યાજના દરમાં વધારો થવાથી માલના સ્ટોકમાં ઘટાડો કરવાનું શરૂ કરી દે છે.
- હોટ્રેનો વ્યપારચક્રનો સિદ્ધાંત સુવર્ણ વ્યવસ્થા પર આધારિત છે અને સ્વયં હોટ્રેનું માનવું છે કે પ્રથમ વિશ્વયુદ્ધ પછી વ્યાપારચક્રની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

## 11.6 સિદ્ધાંતની મર્યાદાઓ :

ફ્રીડમેન જેવા અર્થશાસ્ત્રીઓ હોટ્રેના સિદ્ધાંતનું સમર્થન કરે છે કારણ કે, હોટ્રેનો સિદ્ધાંત વ્યાપારચક્રની ઘટનાનું તર્કબદ્ધ વિશ્લેષણ રજૂ કરે છે. પરંતુ અન્ય કેટલાંક અર્થશાસ્ત્રીઓ આ સિદ્ધાંતની કેટલીક ખામીઓનો ઉલ્લેખ કરે છે. જે નીચે મુજબ છે :

11.6.1 બિન-નાણાંકીય પરિબળોની અવગણના :

હોટ્રે વ્યાપારચક્રને શુદ્ધ નાણાકીય ઘટના માને છે. આથી, તેઓ માને છે કે વ્યાપારચક્રના ઉદ્‌ભવ માટે માત્ર નાણાંનો પુરવઠો અને બેંકોનું શાખસર્જન જવાબદાર છે. ટેક્નોલોજી પરિવર્તનો, કૃષિ ઉત્પાદન, સંશોધન, મનોવૈજ્ઞાનિક તથા અન્ય કેટલાક બિન-નાણાકીય પરિબળો કે જે વ્યાપારચક્ર માટે જવાબદાર હોય છે તેની તેમણે અવગણના કરી છે.

11.6.2 વ્યાજદરની અસર :

હોટ્રેના મતે નીચા વ્યાજના દરની સીધી અસર જથ્થાબંધ વેપારીઓ પર થાય છે. એટલે કે, વ્યાજના દર નીચા હોય તો વેપારીઓ શાખની માંગ વધારે છે. પરંતુ, જો વેપારીઓ પાસે મૂડી સાધનો ઉપલબ્ધ હોય તો વ્યાજનો દર શાખની માંગ પર અસર કરી શકતો નથી. જેનો વિચાર હોટ્રેએ આ સિદ્ધાંતમાં કર્યો નથી.

11.6.3 જથ્થાબંધ વેપારીઓને વિશેષ મહત્ત્વ :

આ સિદ્ધાંતમાં જથ્થાબંધ વેપારીઓની ભૂમિકા, તેમાંય ખાસ કરીને તેમના સ્ટોક કરવાની વૃત્તિને જરૂરિયાત કરતાં વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

11.6.4 શાખની ભૂમિકા :

આ સિદ્ધાંત મુજબ અર્થતંત્રમાં તેજી અને મંદી માટે શાખનું વિસ્તરણ અને સંકોચન જવાબદાર છે - જે યોગ્ય નથી. આ સંદર્ભમાં પ્રૉ. પિગુ કહે છે કે 'બેંકો દ્વારા નાણાંના પુરવઠામાં પરિવર્તન એ વ્યાપારચક્રનો એક અંશ તો છે, પરંતુ તેનું કારણ નથી'. વ્યવહારિક અનુભવોથી પણ સાબિત થયેલ છે કે શાખના વિસ્તરણ તથા સંકોચનથી સમૃદ્ધિ કે મંદીની સ્થિતિ ઉદ્ભવતી નથી.

## 11.7 હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત :

હાયેકે તેમના પુસ્તકો 'Price and Production' અને 'Monetary Theory and Trade Cycle' માં વ્યાપારચક્ર અંગેના પોતાના ખ્યાલો રજૂ કર્યા છે. હાયેકના સિદ્ધાંતમાં બોહમવર્ક અને વિક્સેલની વિચારસરણીની અસર જોવા મળે છે. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ સિદ્ધાંતમાં વ્યાપારચક્રની સમજૂતી નાણાંકીય પરિબળોનાં આધારે આપવામાં આવેલ હોવાથી તે એક નાણાંકીય સિદ્ધાંત છે. તેમ છતાં આ સિદ્ધાંત હોટ્રે દ્વારા રજૂ કરાયેલ સિદ્ધાંતથી બે રીતે જુદો પડે છે.

1. હોટ્રેના સિદ્ધાંત મુજબ નાણાંકીય વ્યવસ્થામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્રનો ઉદ્ભવ થાય છે એમ માનવામાં આવે છે. જ્યારે હાયેકના મત મુજબ ઉત્પાદનના માળખામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્ર ઉદ્ભવે છે.
2. હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં માંગને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્યારે હાયેકના સિદ્ધાંતમાં પુરવઠાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

પ્રૉ. હાયેકના મતે મૂડી વસ્તુઓના પરિવર્તનો વપરાશી વસ્તુઓના પરિવર્તનો કરતાં મોટા હોવાથી વ્યાપારચક્ર ઉદ્ભવે છે. આથી, વ્યાપારચક્રના ઉદ્ભવ માટે નાણાંકીય પરિબળો અને વાસ્તવિક પરિબળો બંને જવાબદાર હોય છે. જેનું સંકલન પ્રૉ. હાયેકે આ સિદ્ધાંતમાં કર્યું છે. તેમના મતે વેપારી બેંકોની નાણાંકીય નીતિ મુજબ નાણાંના પુરવઠામાં વધ-ઘટ થવાથી મૂડી રોકાણમાં ફેરફારો થાય છે. અર્થતંત્રમાં વેપારી બેંકોના શાખસર્જનથી તેજી અને શાખ સંકોચનથી મંદી જોવા મળે છે. પરંતુ, જો અર્થતંત્રમાં નાણું તટસ્થ રહે તો વ્યાપારચક્ર ઉદ્ભવે નહીં.

## 11.8 હાયેકના સિદ્ધાંતની ધારણાઓ :

પ્રૉ. હાયેકનો વ્યાપારચક્રનો સિદ્ધાંત નીચેની કેટલીક ધારણાઓ પર આધારિત છેઃ

11.8.1 વ્યાજદર :

હાયેકે પોતાના સિદ્ધાંતમાં વ્યાજનો બજાર દર અને વ્યાજનો કુદરતી દર એમ બે પ્રકારના વ્યાજ દરોનો ઉલ્લેખ કર્યો છે.

11.8.2 ધિરાણ ભંડોળ સ્થિર રહે છે :

અહીં બચતો સક્રિય હોય છે. એટલે કે બચતોમાં વધારો થાય તો લોકો બચતોનો ઉપયોગ રોકડ પુરાંતના બદલે મૂડીરોકાણમાં કરે છે. આથી, ધિરાણ ભંડોળ સ્થિર રહે છે.

11.8.3 મુક્ત અર્થતંત્ર :

આ સિદ્ધાંતમાં દેશનું અર્થતંત્ર અન્ય દેશો સાથે આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયેલ નથી એમ માનવામાં આવ્યું છે. એટલેકે, અર્થતંત્ર મુક્ત છે.

11.8.4 ઉત્પાદન માળખાના તબક્કાઓ :

આ સિદ્ધાંતમાં ધારી લેવામાં આવ્યું છે કે ઉત્પાદન માળખાના તબક્કાઓમાં વધારો ઘટાડો થતો રહે છે. પરંતુ આ તબક્કાઓ કદમાં સરખા હોવાથી એક તબક્કામાંથી બીજા તબક્કામાં જવા માટેનો સમય સ્થિર રહે છે.

11.8.5 મૂડીરોકાણ માટે નાણાંની માંગ :

પ્રૉ. હાયેક મૂડીરોકાણની પ્રક્રિયામાં વ્યાજદરને વિશેષ મહત્ત્વ આપે છે. તેમના મતે વ્યાજદરનો ઘટાડો મૂડીરોકાણને પ્રેરિત કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

11.8.6 પૂર્ણરોજગારીની ધારણા :

આ સિદ્ધાંતમાં ધારણા કરવામાં આવી છે કે અર્થતંત્રમાં પૂર્ણરોજગારી પ્રવર્તે છે. તેથી કોઈ એક વસ્તુના ઉત્પાદનમાં વધારો કરવો હોય તો અન્ય વસ્તુઓના ઉત્પાદનમાં ઘટાડો કરવો પડે છે.

## 11.9 ઉત્પાદનના માળખા અંગેનો ખ્યાલ

હવે, આપણે પ્રો. હાયેક દ્વારા રજૂ કરાયેલ વ્યાપારચક્રના સિદ્ધાંતમાં ઉત્પાદનના માળખાના ખ્યાલના મહત્ત્વ વિશે ચર્ચા કરીએ. અહીં એક બાબત સ્પષ્ટ કરતાં તેઓ જણાવે છે કે મૂડીવસ્તુઓનું ઉત્પાદન છેવટે તો વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે જ કરવામાં આવતું હોય છે. આમ, કહી શકાય કે કોઈપણ વપરાશી ચીજવસ્તુનું ઉત્પાદન કરવું હોય તો તેની માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરવી પડતી હોય છે. ઉદાહરણ તરીકે મોટરકારનું ઉત્પાદન કરવું હોય તો પતરું, લોખંડ, ટાયર, ટ્યૂબ વગેરેનું ઉત્પાદન કરવું પડે છે. એટલું જ નહીં પરંતુ આ બધી વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે અનેક ચીજવસ્તુઓનું ઉત્પાદન પણ કરવું પડે છે. તેથી વ્યાપારચક્રના સિદ્ધાંતમાં ઉત્પાદનના માળખાનો ખ્યાલ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ સમગ્ર બાબતોને પ્રૉ. હાયેક ઉત્પાદનના માળખા (Struckure of Production) તરીકે અને ઉત્પાદનના મૂળ સાધનોથી શરૂ કરીને વપરાશી વસ્તુઓનું ઉત્પાદન થાય ત્યાં સુધીના સમયગાળાને ઉત્પાદનના સમયગાળા તરીકે ઓળખાવે છે.

પ્રૉ. હાયેકના મતે ઉત્પાદનના માળખામાં મુખ્યત્વે બે તબક્કાઓનો સમાવેશ કરવામાં આવે છે.

1. નીચલી કક્ષાના ઉત્પાદનના તબક્કાઓ :

આ તબક્કો ગ્રાહકની ખરીદીથી નજીકનો હોય છે. જેમાં વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવે છે.

2. ઊંચી કક્ષાના ઉત્પાદનના તબક્કાઓ :

આ તબક્કો ગ્રાહકની ખરીદીથી દૂરનો હોય છે, જેમાં મૂડી સાધનોનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવે છે.

અગાઉ આપણે વાત કરી તે મુજબ પ્રૉ. હાયેક જણાવે છે કે ઉત્પાદનનો પ્રવાહ ઉપલા એટલેકે દૂરના તબક્કાથી શરૂ થઈને નજીકના એટલેકે નીચેના તબક્કા સુધી આવે છે અને છેવટે વસ્તુ તૈયાર થઈને ગ્રાહક સુધી પહોંચે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન જેમ સમયનો ગાળો ટૂંકો હોય તેમ ઉત્પાદનનું માળખું ટૂંકું અને જેમ તે લાંબો હોય તેમ ઉત્પાદનનું માળખું લાંબુ હોય છે. આમ, કહી શકાયકે ઉત્પાદનનાં સાધનોમાં રોકાણનો દર જેમ વધુ તેમ ઉત્પાદનનો સમયગાળો ઓછો અને ઉત્પાદન વધુ તથા જેમ ઉત્પાદનનાં સાધનોના રોકાણનો દર ઓછો તેમ ઉત્પાદનનો સમયગાળો વધુ અને ઉત્પાદન ઓછું થાય છે. ઉત્પાદનનાં માળખાનો આધાર લોકોની આવક પર રહેલો છે. એટલેકે, લોકો પોતાની આવકમાંથી વપરાશ અને બચત કેટલી કરે છે તેના પર રહેલો છે. જો લોકો પોતાની આવકમાંથી વપરાશ વધુ કરે તો તેમની બચતો ઓછી થાય છે. તેથી વપરાશી વસ્તુના તબક્કામાં વધુ મૂડીરોકાણ થાય છે. આવકમાંથી જે બચતો થાય છે તેનું મૂડીરોકાણ ઉત્પાદનના ઉપલા તબક્કામાં થાય છે. વ્યાજનો દર અહીં બચત અને મૂડીરોકાણની માંગને સમતુલામાં લાવવાનું કાર્ય કરે છે. હાયેક કહે છે કે વ્યાજના કુદરતી દર કરતાં જો બજારનો વ્યાજનો દર વધારે હોય તો બચતની માંગ ઘટે અને પુરવઠો વધે અને જો બજારનો વ્યાજનો દર વ્યાજના કુદરતી દર કરતાં ઓછો હશે તો બચતની માંગ વધતા તેનો પુરવઠો ઘટે છે. આ બંને પરિસ્થિતિઓ લાંબો સમય ટકી શકતી નથી અને છેવટે વ્યાજનો કુદરતી દર જ અર્થતંત્રમાં પ્રવર્તે છે. તેથી, લોકોના વપરાશ અને બચત અંગેના નિર્ણયોમાં થતા ફેરફારો અર્થતંત્રને અનુકૂળ રીતે થયા કરે છે.

## 11.10 હાયેકના વ્યાપારચક્રની સમજૂતી

પ્રૉ. હાયેક જણાવે છે કે અર્થતંત્રમાં બચતો બે પ્રકારની હોય છે.

### 11.10.1 સ્વૈચ્છિક / મરજિયાત બચત :

હાયેકના મતે સ્વૈચ્છિક / મરજિયાત બચત એટલે વ્યક્તિ પોતાની ઈચ્છાનુસાર પોતાના વપરાશમાં કાપ મૂકે તે. આ પ્રકારની બચતોને હાયેક વ્યાપારચક્રના સર્જન માટે જવાબદાર માનતા નથી. કારણકે વ્યાજના દરના પરિવર્તનો અર્થતંત્રમાં આ પ્રકારની બચત બરાબર મૂડીરોકાણ કરવાનું વલણ ધરાવે છે.

### 11.10.2 અનૈચ્છિક / ફરજીયાત બચત :

હાયેક જણાવે છે કે અનૈચ્છિક બચત એટલે વ્યકિતએ પોતાની ઈચ્છા ન હોવા છતાં પોતાના વપરાશમાં કાપ મૂકવો પડે તે. તેમના મતે સ્વૈચ્છિક બચતો કરતાં અનૈચ્છિક બચતો વ્યાપારચક્રના ઉદ્ભવમાં વિશેષ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ અનૈચ્છિક બચતોનું સર્જન વેપારી બેંકોના શાખસર્જનના પરિણામે થાય છે. વેપારી બેંકોના શાખસર્જનમાં વધારો થાય ત્યારે ધિરાણભંડોળની માંગ કરતાં ધિરાણભંડોળના પુરવઠામાં વધારો થયેલો જોવા મળે છે. પરિણામે બજારનો વ્યાજનો દર નીચો જાય છે અને ઉત્પાદનના ઉપલા તબક્કામાં મૂડીરોકાણ વધે છે અને નીચલા તબક્કાનું સંકોચન થાય છે. અહીં વપરાશી વસ્તુઓની માંગમાં ઘટાડો થતો નથી. તેથી તેમના ભાવોમાં વધારો થાય છે અને ગ્રાહકો ના છુટકે વપરાશી વસ્તુઓની માંગમાં ઘટાડો કરે છે જેને હાયેક અનૈચ્છિક બચત તરીકે ઓળખાવે છે.

અહીં વપરાશી વસ્તુઓના ભાવમાં વધારો થતો હોવાથી નીચા તબક્કાઓ પણ નફાકારક બને છે. આ તકનો લાભ લઇ બેંકો પણ શાખસર્જનનું વિસ્તરણ કરે છે. આમ, અનિચ્છાકૃત બચતોમાં વધારો થવાથી અર્થતંત્રમાં તેજીનું સર્જન થાય છે. વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થતા નિયોજકો બેંકો પાસેથી વધુને વધુ ધિરાણ મેળવે છે. પરિણામે અર્થતંત્રમાં મૂડીરોકાણ, ઉત્પાદન, આવક, વસ્તુની માંગ, રોજગારી વગેરેમાં વધારો થાય છે. પરંતુ

બેંકોની શાખસર્જનની પ્રવૃત્તિની કેટલીક મર્યાદાઓ હોય છે. આથી, સમય જતાં બેંકો શાખસંકોચનની નીતિ અપનાવે છે. ધિરાણ ભંડોળનો પુરવઠો ઘટતાં વ્યાજનો દર વધે છે અને નિયોજકો ઉપલા તબક્કામાં મૂડીરોકાણમાં ઘટાડો કરે છે. પરિણામે ઉત્પાદન, આવક અને રોજગારીમાં ઘટાડો થતા અર્થતંત્રમાં મંદીનું સર્જન થાય છે. આમ, પ્રૉ. હાયેક જણાવે છે કે તેજીની સ્થિતિમાં અનિચ્છાકૃત બચતોને કારણે ઉત્પાદનના માળખાનું વિસ્તરણ થાય છે, અને વેપારી બેંકોની શાખસંકોચનની નીતિના કારણે વ્યાજદર ઊંચા જતાં મૂડીરોકાણ નીચેના તબક્કામાં પ્રોત્સાહિત થાય છે; ઉપરના તબક્કામાં ઘટવા લાગે છે. આમ, અતિમૂડીરોકાણથી અર્થતંત્રમાં તેજી અને મૂડીની અછતથી મંદીની સ્થિતિ સર્જાય છે.

11.11 સિદ્ધાંતની મર્યાદાઓ :

પ્રૉ. હાયેકે વ્યાપારચક્રના સિદ્ધાંતમાં નાણાંકીય અને વાસ્તવિક એમ બંને પરિબળોનો સુભગ સમન્વય કરવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં આ સિદ્ધાંતની કેટલીક ખામીઓ જણાઈ આવી છે, જે નીચે મુજબ છે :

11.11.1 અવાસ્તવિક ધારણા :

પ્રૉ. હાયેકના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં પૂર્ણરોજગારીની ધારણા કરવામાં આવી છે જે અવાસ્તવિક છે. સામાન્યરીતે અર્થકારણમાં પૂર્ણરોજગારી નહીં પરંતુ અપૂર્ણ રોજગારી પ્રવર્તતી હોય છે.

11.11.2 ઉત્પાદનના માળખા અંગે અસ્પષ્ટતા :

આ સિદ્ધાંતમાં ઉત્પાદનના માળખા અંગેનો જે ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે તે અસ્પષ્ટ છે. તેમજ પ્રત્યેક ઉદ્યોગ માટે ઉત્પાદનના તબક્કામાં અને તેના સમયગાળામાં તફાવત હોઈ શકે છે.

11.11.3 વ્યાજના દરને વિશેષ મહત્ત્વ :

પ્રૉ. હાયેકે વ્યાપારચક્રની સમજૂતી આપવા માટે મૂડીરોકાણની પ્રક્રિયામાં વ્યાજના દરને વિશેષ મહત્ત્વ આપ્યું છે જે અયોગ્ય છે. કારણકે, મૂડીરોકાણનું પ્રમાણ વ્યાજદર સિવાય અન્ય કેટલાક ઘટકો ઉપર પણ આધાર રાખે છે.

11.11.4 મૂડીગત વસ્તુઓ અને વપરાશી વસ્તુઓ વચ્ચે હરીફાઈ :

પ્રૉ. હાયેકનું માનવું છે કે મૂડીગત વસ્તુઓની માંગ વપરાશી વસ્તુઓની માંગ સાથે હરીફાઈ કરે છે. પરંતુ વાસ્તવમાં વપરાશી વસ્તુઓની માંગના લીધે જ મૂડીગત વસ્તુઓની માંગ થતી હોય છે. એટલે કે મૂડીગત વસ્તુઓની માંગ એ વ્યુત્પન્ન માંગ હોય છે. બચતોમાં વધારો થતા વપરાશમાં ઘટાડો થાય છે અને પરિણામે મૂડીરોકાણ ઘટે છે. આમ, આ બંને વસ્તુઓના ઉદ્યોગોમાં હરીફાઈ ઉદ્ભવી શકતી નથી.

11.11.5 વ્યાપારચક્રના ઉદ્ભવ માટે બેંકોનું શાખસર્જન જવાબદાર :

હાયેકના મતે વ્યાપારચક્રના ઉદ્ભવ માટે બેંકોની શાખસર્જનની નીતિ જવાબદાર છે. પરંતુ આ બાબત સત્ય નથી. મંદીની પરિસ્થિતિમાંથી અર્થતંત્રને બહાર નીકાળવા માટે વેપારી બેંકોની શાખસર્જનની નીતિ જ ઉપયોગી નીવડે છે.

## 11.12 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે વ્યાપારચક્રના ઉદ્ભવ માટે નાણાંકીય પરિબળોને જ જવાબદાર માનતા અર્થશાસ્ત્રીઓની વિચારધારા મુજબના શુદ્ધ નાણાંકીય સિદ્ધાંત અને નાણાંકીય અતિ-રોકાણ સિદ્ધાંતની સમજણ મેળવી. હોટ્રેના શુદ્ધ નાણાકીય સિદ્ધાંત અને

હાયેકનાં નાણાકીય અતિ-રોકાણ સિદ્ધાંતની વિચારધારામાં માનતા અર્થશાસ્ત્રીઓની માન્યતા અનુસાર નાણાંકીય પરિબળો જ અર્થવ્યવસ્થાના અનેક આંતરિક પરિબળો પર એ પ્રકારે અસર કરે છે કે વિસ્તરણ અને સંકોચનની પ્રક્રિયા સંચયી સ્વરૂપ ધારણ કરી લે છે અને વ્યાપારચક્રના ચારેય તબક્કાઓ ક્રમશઃ વારંવાર ઉદ્‌ભવતા રહે છે. હોટ્રે વ્યાપારચક્રની સમજૂતી આપવામાં બેંકનાણાંને વિશેષ મહત્ત્વનું માને છે અને બેંકોની શાખસર્જનની પ્રક્રિયાને જ વ્યાપારચક્ર માટે જવાબદાર ગણે છે. તેમની માન્યતા મુજબ અર્થતંત્રમાં વેપારી બેંકોના શાખસર્જનથી તેજી અને શાખસંકોચનની નીતિથી મંદીનું સર્જન થાય છે. હાયેકના મત મુજબ મૂડી વસ્તુઓના પરિવર્તનો વપરાશી વસ્તુઓના પરિવર્તનો કરતાં મોટા હોય છે. જેના પરિણામે વ્યાપારચક્રો ઉદ્‌ભવે છે. આમ, પ્રૉ. હાયેકે તેમના નાણાંકીય અતિ-રોકાણના સિદ્ધાંતમાં નાણાંકીય તેમજ વાસ્તવિક એમ બંને પરિબળોનું સુંદર રીતે સંકલન કરેલું જોવા મળે છે. તેમના મતે વેપારી બેંકોની નાણાંકીય નીતિ મુજબ અર્થતંત્રમાં નાણાંના પુરવઠામાં ફેરફાર થતાં રહે છે. જેની અસર મૂડીરોકાણ પર થાય છે. જો અર્થતંત્રમાં નાણું તટસ્થ રહે તો વ્યાપારચક્રનો ઉદ્‌ભવ રોકી શકાય તેમ છે.

## 11.13 ચાવીરૂપ શબ્દો :

નાણાંકીય આવક : ઉત્પાદનના સાધનોને તેમના કામના બદલામાં નાણાંના સ્વરૂપમાં જે કંઇ વળતર મળે છે તેને નાણાંકીય આવક તરીકે ઓળખવામાં આવે છે.

સ્ટોક : વેપારીઓ દ્વારા સંગ્રહ કરવામાં આવતી વસ્તુઓના પ્રમાણને સ્ટોક કહેવામાં આવે છે.

રોકડ અનામત : ગ્રાહકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, નિયોજકો વગેરે બેંકમાં પોતાની થાપણો જમા કરાવે છે. વેપારી બેંકો આ થાપણોનો જે ભાગ પોતાની પાસે રોકડ સ્વરૂપે રાખી મૂકે છે તેને રોકડ અનામત તરીકે ઓળખવામાં આવે છે.

ખર્ચ : વ્યક્તિ કોઈ વસ્તુ મેળવવા માટે પોતાની આવકનો જે ભાગ આપે છે તેને ખર્ચ કહેવામાં આવે છે.

નાણાંનો ચલણવેગ : અમુક ચોક્કસ સમય દરમિયાન નાણું એક હાથમાંથી બીજા હાથમાં જેટલી વખત ફરે છે તેને નાણાંના ચલણવેગ તરીકે ઓળખવામાં આવે છે. નાણાંનો ચલણવેગ એ નાણાંના હસ્તાંતરણનું પ્રમાણ દર્શાવે છે.

નાણાંનો પુરવઠો : કોઈ ચોક્કસ સમયે અર્થતંત્રમાં ઉપલબ્ધ કુલ નાણાંના પ્રમાણને નાણાંના પુરવઠા તરીકે ઓળખવામાં આવે છે.

શાખ સર્જન : વેપારી બેંકો તેમની પાસે જે પ્રાથમિક થાપણો હોય છે તેના કરતાં અનેકગણા નાણાંનું ધિરાણ કરતી હોય છે જેને શાખ સર્જન કહેવામાં આવે છે.

શાખ સંકોચન : વેપારી બેંકો તેમની પાસેના રોકડ અનામત પ્રમાણમાં વધારો કરવા અને અર્થતંત્રમાં ફરતા રોકડ નાણાંના પ્રમાણમાં ઘટાડો કરવા માટે વ્યાજદરમાં વધારો કરી લોન આપવાનું પ્રમાણ ઘટાડે છે જેને શાખ સંકોચન તરીકે ઓળખવામાં આવે છે.

ઉત્પાદનનો સમયગાળો : ઉત્પાદનના મૂળ સાધનોથી શરૂ કરીને વપરાશી વસ્તુઓનું ઉત્પાદન થાય ત્યાં સુધીના સમયગાળાને ઉત્પાદનના સમયગાળા તરીકે ઓળખવામાં આવે છે.

ઉત્પાદનનું માળખું : વપરાશી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા માટે અન્ય અનેક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવું પડતું હોય છે. આ સમગ્ર પ્રક્રિયાને ઉત્પાદનના માળખા તરીકે ઓળખવામાં આવે છે.

- તમારી પ્રગતિ ચકાસો :

(ક) વિસ્તૃત પ્રશ્નો :

1) 'વ્યાપારચક્ર એ શુદ્ધ નાણાંકીય ઘટના છે.' - સમજાવો.

2) વ્યાપારચક્રના નાણાંકીય અતિ-રોકાણના સિદ્ધાંતની વિસ્તૃત ચર્ચા કરો.

(ખ) ટૂંક નોંધ :

1) હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં પ્રયોજાયેલ કેટલાક વિશિષ્ટ ખ્યાલો

2) હોટ્રેના વ્યાપારચક્રના સિદ્ધાંતની મર્યાદાઓ

3) હાયેકના ઉત્પાદનના માળખા અંગેના વિચારો

4) હાયેકના વ્યાપારચક્રના સિદ્ધાંતની મર્યાદાઓ

(ગ) હેતુલક્ષી / વૈકલ્પિક પ્રશ્નો :

1. વ્યાપારચક્રના શુદ્ધ નાણાકીય સિદ્ધાંતની રજૂઆત કોણે કરી ?

(ક) કેઇન્સ (ખ) હોટ્રે

(ગ) હાયેક (ઘ) સેમ્યુલસન

2. હોટ્રેના મતે બેંકોના વ્યાજદરમાં ઘટાડો થવાથી શાખસર્જનની પ્રક્રિયા કેવી બને છે?

(ક) ઝડપી (ખ) ધીમી

(ગ) સ્થિર (ઘ) એક પણ નહિ

3. તેજીના સમયમાં દેશની આયાતો _______________ છે.

(ક) વધે (ખ) ઘટે

(ગ) સ્થિર (ઘ) એક પણ નહિ

4. 'Monetary Theory and Trade Cycle' નામનું પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે?

(ક) હોટ્રે (ખ) કેઇન્સ

(ગ) હાયેક (ઘ) સેમ્યુલસન

5. 'ઉત્પાદનના માળખામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્ર ઉદભવે છે.' આ વિધાન કોનું છે ?

(ક) હોટ્રે (ખ) કેઇન્સ

(ગ) સેમ્યુલસન (ઘ) હાયેક

6. 'નાણાંકીય વ્યવસ્થામાં અસમતુલા ઉદ્ભવવાથી વ્યાપારચક્ર ઉદ્ભવે છે.' આ વિધાન કોનું છે ?

(ક) હાયેક (ખ) હોટ્રે

(ગ) કેઇન્સ (ઘ) સેમ્યુલસન

7. નીચલી કક્ષાનો ઉત્પાદનનો તબક્કો ગ્રાહકની ખરીદીથી ____________ હોય છે.

(ક) દૂર (ખ) નજીક

(ગ) ખૂબ જ દૂર (ઘ) ખૂબ જ નજીક

## 11.15 સંદર્ભ પુસ્તકો :

1. Sinh, R. N. (2013): Samashti Arthshastra, Nikhil Publishers and Distributors, Agra.
2. Ahuja, H, L. (1110): Principles of Macro Economics, S. Chand, New Delhi.
3. Ackely, G. (1178): Macro Economics - Theory and Policy, macmillan, New York.
4. Zingan, M. L. (1104): Maudric Arthshastra, Vrunda Publications Pvt. Ltd., Delhi.
5. Stonier, A. W. and Hague, D. C. (1172): A Textbook of Economic Theory, Fourth Edition.
6. Seth, T. T. (1103): Maudrik Arthshastra, Laxminarayan Agrawal, Agra.

## 11.16 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**(ગ) હેતુલક્ષી / વૈકલ્પિક પ્રશ્નો :**

1. (ખ)
2. (ક)
3. (ક)
4. (ગ)
5. (ઘ)
6. (ખ)
7. (ખ)